# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી


જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/દિન વિશેષ/૨૦૧૯/૪૭૭ તા.૩૦/૧૧/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

જિ.ભાવનગર

વિષય : ડિસેમ્બર-૨૦૧૯ થી દર માસના દિન વિશેષની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ : સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી ગાંધીનગરના પત્રાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૬૫૭૯-૬૬૬૭ તા.૨૮/૧૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માન.મંત્રીશ્રીની સૂચનાનુસાર ડિસેમ્બર – ૨૦૧૯ થી દિન વિશેષની ઉજવણી તમામ શાળાઓમાં થાય તેવું સુચારૂ આયોજન કરવાનું રહે. આ માટે શૈક્ષણિક કાર્યને બાધ્ય ન આવે તે રીતે પ્રાર્થના સભામાં દરેક વિદ્યાર્થીઓ દિન વિશેષ અને વ્યક્તિ વિશેષથી પરિચિત થાય, મહાનુભાવોના કાર્યથી પરિચિત થાય તેમજ તેમના જીવનમાંથી પ્રરણા મેળવે તે જરૂરી છે, આ માટે શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દ્વારા કે મહાનુભાવ દ્વારા પ્રાસંગિક પ્રવૃત્તિ કે વક્તવ્યનું પ્રાર્થનાસભામાં વધુમાં વધુ ૧૦ મીનીટ માટે આયોજન તથા અમલીકરણ કરવા અને દિન વિશેષની ઉજવણી કરવા દરેક શાળાઓને જણાવવામાં આવે છે. ડિસેમ્બર માસની દિન વિશેષની વિગત આ સાથે સામેલ છે.

દરેક શાળાઓએ દિન વિશેષની ઉજવણી કરી નીચે મુજબના ફોર્મેટમાં વિગતો ભરી સમયાંતરે અત્રેની કચેરીમાં રૂબરૂ અથવા E-mail Id : yojana.deobhav@gmail.com પર મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | દિન વિશેષનું નામ (તારીખ સાથે) | ભાગ લીધેલ વિદ્યાર્થીની સંખ્યા | ભાગ લીધેલ શિક્ષકોની સંખ્યા | આમંત્રીત મહાનુભાવોની સંખ્યા | કરાવેલ પ્રવૃત્તિની ટૂંકી વિગત (બે-ચાર વાક્યોમાં) | અન્ય વિગતો જો હોય તો |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ :</u>

શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી-તમામ, સદર કચેરી

Scanned by CamScanner

# * ડિસેમ્બર માસ *

| ડિસેમ્બર | તારીખ | વિગત |
|---|---|---|
| | ૩ ડિસેમ્બર | આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિન |
| | ૪ ડિસેમ્બર | રાષ્ટ્રીય નૌસેના દિવસ |
| | ૧૦ ડિસેમ્બર | આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિન |
| | ૨૨ ડિસેમ્બર | ગણિતજ્ઞ શ્રી રામાનુજન જયંતી |
| | ૨૩ ડિસેમ્બર | કિસાન દિન |
| | ૨૫ ડિસેમ્બર | નાતાલ |

## ડિસેમ્બર માસની જન્મજયંતીઓ

૧. ૩ જી ડિસેમ્બર- ૧૮૮૪ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ જયંતી
૨. ૩ જી ડિસેમ્બર- ૧૮૮૯ શ્રી ખુદીરામ બોઝ જયંતી
૩. ૧૦ મી ડિસેમ્બર- ૧૮૭૮ શ્રી રાજગોપાલાચારી જયંતી
૪. ૧૬ મી ડિસેમ્બર ભારત-પાક. યુદ્ધ ૧૯૭૧, વિજયદિન
૫. ૨૨ મી ડિસેમ્બર -૧૬૬૬ ગુરુ ગોવિન્દસિંહ જયંતી ( ૫ જાન્યુઆરી ૧૯૬૬ ?) જન્મજયંતિમાં મતમતાંતર છે.
૬. ૨૫ મી ડિસેમ્બર – ૧૮૬૧ પંડિત મદનમોહન માલવીય જયંતી

Scanned by CamScanner

* 3 ડિસેમ્બર : " આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિન "

* મહત્વ *

દિવ્યાંગ વ્યક્તિઓને આપણા જેવી જ આશા આકાંક્ષાઓ અને સપનાંઓ હોય છે. તેઓ માનવસર્જિત કે કુદરતી કારણોસર દિવ્યાંગ બન્યા હોય છે. તેઓ આપણા વિશાળ માનવ સમાજનો જ એક મહત્વપૂર્ણ ભાગ છે. તેમના માટે આપણા હ્રદયમાં વિશેષ લાગણી, સદભાવના અને પ્રેમ હોવો જોઈએ. તેમને આપણી દયાની નહીં પણ સ્નેહભાવની જરૂર છે.

* અર્થ - વ્યાખ્યા *

સામાજિક તેમજ આર્થિક સ્થિતિએ અસર કરતી શારીરિક તેમજ માનસિક ખોડ કે ખામી એટલે વિકલાંગતા, દિવ્યાંગતા.

વિકલાંગતા સાપેક્ષ અને વ્યક્તિની જરૂરિયાત પર આધારિત હોય છે. દીર્ઘજીવન, સશક્ત શારીરિક ક્ષમતા, રમતગમતમાં ભાગ લઈ શકાય તેવી શક્તિ, રોજબરોજનાં કાર્યો સ્વતંત્ર રીતે કરવાની ક્ષમતા આ બધી બાબતો તંદુરસ્તીની વ્યાખ્યામાં લઈએ તો આ બાબતોમાંથી એક પણ બાબત "ન કરી શકવાની કાયમી સ્થિતિ તે વિકલાંગતા."

* 3 ડિસેમ્બર

વિકલાંગતાઓ એ કોઈ દૈવીશાપ નથી. વિકલાંગતા જન્મથી અથવા જન્મ પછી પણ થયેલી હોય છે. જેનાં કારણે તે જ સમાજથી છૂટી પડી જાય છે. તેમની સમાનમાં પુનઃસ્થાપના કરવાની જવાબદારી સમાજની છે.

વિકલાંગને પોતાની કાર્યદક્ષતા, ધગશ, રસ, શોખ, ઈચ્છા, આશા, આકાંક્ષા અને સપનાં હોય છે. તેની પૂર્તિ આપણા દ્વારા થાય તે આપણી નૈતિક ફરજ છે.

શાળાકક્ષાએ કરવાની પ્રવૃત્તિઃ-

- વિકલાંગતા એ કોઈ પૂર્વજન્મનું પાપ કે અભિશાપ નથી તે સમજાવવું.
- વિકલાંગ વ્યક્તિને કોઈની દયાની નહિ, સ્નેહ અને મૈત્રીની જરૂર છે.
- કુમારપાળ દેસાઈ લિખિત ।અપંગનાં ઓજસ* પુસ્તક વંચાવવું.
- આપણી વચ્ચે અને આપણી સાથે ભણતાં દિવ્યાંગ બાળકો સાથે આપણે દરેક બાબતમાં પ્રેમપૂર્વકનો (સમભાવ) વ્યવહાર રાખવો.

વંદેગુજરાત - ચેનલ

Scanned by CamScanner

- પ્રવાસ, રમત-ગમત કે અન્ય કાર્યક્રમોમાં તેમને ભાગ લેવાં પ્રોત્સાહિત કરીએ અને તેમનું વિશેષ ધ્યાન રાખીએ.
- હેલન-કેલરના જીવન પ્રસંગો અને તેનાં જેવાં અન્ય દિવ્યાંગ વ્યક્તિના પ્રેરણાદાયી જીવનપ્રસંગોની રજૂઆત કરાવીએ.
- યુ ટયૂબ પરથી આવાં દિવ્યાંગ વ્યક્તિના વિડિયો જે પ્રેરણાદાયી હોય તેમનું નિદર્શન કરાવવું.

* ગુજરાતી વિશ્વકોશ ભાગ – ၊ પે.નં. 243

Scanned by CamScanner

## ૪ ડિસેમ્બર- રાષ્ટ્રીય નૌસેના દિન

ભારતીય સીમાનો મોટો વિસ્તાર સમુદ્ર સાથે જોડાયેલો છે. આથી તેની કાયમી સુરક્ષા માટે સૈન્ય હોવું જરૂરી છે. ભારતીય સૈન્યમાં ભૂમિદળ, નૌકાદળ અને વાયુદળ એમ ત્રિવિધ સૈન્યશક્તિનો સમાવેશ થાય છે. અહી કેવળ નૌસેના વિશે સમજીશું.

ભારતીય નૌસેના ઈ.સ. 1613 માં 'ઈસ્ટ ઈન્ડિયા કંપની' દ્વારા યુદ્ધ સૈન્યના રૂપમાં 'ઈન્ડિયન મરીન' ના નામથી સંગઠિત થયું. ત્યારબાદ ઈ.સ. 1685 માં આ સૈન્યનું નામકરણ 'મુંબઈ મરીન' તરીકે કરવામાં આવ્યું અને અંતે 8 ડિસેમ્બર 1934 માં 'ભારતીય વિધાન પરિષદ' દ્વારા ભારતીય નૌસેના અનુશાસન અધિનિયમ પસાર થતાં 'રોયલ ઈન્ડિયન નેવી' નો પ્રારંભ થયો. અખંડ હિન્દુસ્તાનના વિભાજન બાદ મોટા ભાગનું નૌસેન્ય પાકિસ્તાન હસ્તક જતાં માત્ર એક વર્ષમાં ભારતીય નૌસેનાનું નવીનીકરણ થયું.

**શાળાકીય પ્રવૃત્તિઓઃ-**

- ભારતીય સૈન્યની ત્રણેય પાંખોનો પરિચય કરાવી નૌસેના વિશે શિર્ષકો સમજાવી શકે.
- ભારતીય સૈન્યના વર્તમાન શસ્ત્રો, જહાજ, સબમરીન જેવા યંત્રોનું ૫૫૮. દ્વારા દર્શન કરાવી શકાય.
- ।હાજી અટેક* જેવી ભારતીય નૌસેના પરની ફિલ્મ બતાવી શકાય.
- શહિદવીર સેનાનીઓનો પરિચય આપી શકાય.

સંદર્ભઃ વિકીપીડિયા

Scanned by CamScanner

## 10 ડિસેમ્બર- આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિન

માનવ હોવાને કારણે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના વ્યક્તિમાત્રને પ્રાપ્ત થતા અધિકારો તે માનવ અધિકારો. માનવનું જીવન અમૂલ્ય છે અને પ્રત્યેક માનવને જન્મથી જ મૂળભૂત રીતે જીવન અને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયેલાં છે. માનવજીવનની આ આવશ્યક શરતો ચિરસ્થાયી મૂલ્યરૂપે વિશ્વસ્તરે વ્યાપ્ત બની અને માનવ અધિકારોરૂપે સ્વીકૃતિ પામી. માનવ અધિકારોને વિકસાવવામાં ફ્રેંચ ક્રાંતિનું પ્રદાન નોંધપાત્ર છે.

પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યુદ્ધોને કારણે માનવ અધિકારોની સ્થિતિ અત્યંત ચિંતાજનક હતી અને તેનો સરેઆમ વ્યાપક પ્રમાણમાં ભંગ થતો હતો. આથી સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના બાદ 10 ડિસેમ્બર 1948 ના રોજ "યુનિવર્સલ ડેકલેરેશન ઓફ હ્યૂમન રાઈટ્સ" ઘોષિત કરવામાં આવ્યું અને યુનોના તમામ સભ્ય દેશોએ તેના સહર્ષ સ્વીકાર કર્યો. આ કારણે જ 10 મી ડિસેમ્બરને માનવ અધિકાર દિન તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. આથી માનવ વિકાસ માટે માનવ અધિકારોનું અસ્તિત્વ અનિવાર્ય બની જાય છે. માનવ વિકાસ માટે માત્ર આર્થિક વિકાસની જ નહી, પરંતુ સર્વાંગીણ માનવ વિકાસની આવશ્યકતા છે.

યુનોના જાહેરનામા મારફતે માનવીને તેના જીવનની સલામતી, માનવગરિમા, સુખશાંતિમય જીવન અને સમગ્ર વિકાસ માટે જરૂરી હક્કો આપવામાં આવ્યા છે. જેમ કે સામાજિક સલામતીનો હક્ક, શિક્ષણ અને આરોગ્યનો હક્ક, કામ મેળવવાનો હક્ક, શોષણ સામેના પ્રતિકારનો હક્ક, ગુણવત્તાયુક્ત જીવન જીવવાનો હક્ક, શુધ્ધ પર્યાવરણ મેળવવાનો હક્ક, ધર્મજાતિના આધારે ભેદભાવ મુક્તિનો હક્ક, વારસાહક્ક, વેતનની સમાનતાનો હક્ક વગેરેનો સમાવેશ થાય છે.

**શાળાકક્ષાની પ્રવૃત્તિઓઃ-**

- શાળા મંત્રી મંડળની રચના મારફતે હક્ક-ફરજ સમજાવવાનું કરી શકાય.
- જેલની મુલાકાત મારફતે કેદીઓના સ્વાનુભવો સંભળાવી શકાય.
- વિવિધ ધર્મોના મહાનુભાવો મારફતે સામાજિક સદભાવ-સમરસતા કેળવવા પ્રયાસ કરી શકાય.
- સ્વતંત્રતા-સમાનતા-બંધુતાના મૂલ્યોને ઉજાગર કરતાં નાટકો ભજવી શકાય.
- RTE અંતર્ગત પ્રાપ્ત થયેલા બાળ અધિકારોની ચર્ચા કરી શકાય.
- વ્યક્તિ પોતે પોતાના કર્તવ્યનું પાલન કરે તે સ્વયં માનવ અધિકારનું નિર્માણ કરે છે.

સંદર્ભઃ- ગુજરાતી વિશ્વકોશ ખંડ – 15, પૃ. 681

Scanned by CamScanner

*** 22 ડિસેમ્બર : ગણિતજ્ઞ શ્રી રામાનુજન જયંતી ***

(જન્મ . 22 ડિસેમ્બર 1887, ઈરોડ તામિલનાડુ, અવસાન ; 26 એપ્રિલ 1920 : ચેન્નાઈ)

આધુનિક સમયના ભારતના શ્રેષ્ઠ ગણિતશાસ્ત્રી તમિલનાડુના કુંભકોણમના અત્યંત ગરીબ પરિવારમાં જન્મેલા રામાનુજન નાનપણથી જ ગણિતમાં ખૂબ તેજસ્વી હતા. તે છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે જ દસમા ધોરણ સુધીનાં ગણિતનાં પાઠ્યપુસ્તકો વાંચી અને સમજી ચૂક્યા હતા. તેઓ મેટ્રિક 1903 માં પાસ થયા તે પહેલાં પડોશના એક મિત્રે તેમને કુંભકોણમની કોલેજના પુસ્તકાલયમાંથી કારનું પુસ્તક "એ સિનોપ્સિસ ઓફ પ્યોર મેથેમેટિક્સ" લાવી આપ્યું. આ પુસ્તકમાં ગણિતના છ હજાર પરિણામો સાબિતી વગર આપેલાં હતા. રામાનુજે એ બધાની સાબિતીઓ શોધવાનો મહાયજ્ઞ આરંભ્યો અને એ પ્રયત્નમાંથી જ તે એક સર્જક ગણિતશાસ્ત્રી બની ગયા. 1902 માં તેમણે પોતે શોધેલાં ગણિતનાં પરિણામો ટપકાવી લેવા માટે નોટબુક રાખવાનું શરૂ કર્યું અને ત્યારપછીનાં દશ વર્ષોમાં આવી ત્રણ જાડી નોટો અતિ મહત્વના અને આકર્ષક પરિણામોથી ભરાઈ ગઈ.

- ગણિતનાં વધુ પડતા આકર્ષણને કારણે અન્ય વિષયો પ્રત્યે દુર્લક્ષ કરતાં રામાનુજન કોલેજનાં પ્રથમ વર્ષમાં બે-ત્રણ વાર નાપાસ થયા. આખરે ૧૯૦૭ માં અભ્યાસ છોડી દીધો.
- ૧૯૦૯ માં જાનકી અમ્મલ સાથે તેમનાં લગ્ન થયા.
- કેટલાંક હિતેચ્છુઓની સલાહથી રામાનુજને ૧૯૧૩ ના જાન્યુઆરીમાં ઈગ્લેન્ડના પ્રખ્યાત ગણિતશાસ્ત્રી હાર્ડીને પોતાનાં સંશોધનોનો પરિચય આપતો પત્ર લખ્યો. આ પત્રે હાર્ડીને ખૂબ જ પ્રભાવિત કર્યા અને રામાનુજને ઈગ્લેન્ડ આવવાનું આમંત્રણ આપ્યું. ૧૯૧૪ ના માર્ચ મહિનામાં ઈગ્લેન્ડ માટે પ્રસ્થાન કર્યું.
- ૧૯૧૮ માં ઈગ્લેન્ડની રોયલ સોસાયટીએ ફેલો ચૂંટી કાઢ્યા. આ માન મેળવનાર રામાનુજન સૌપ્રથમ ભારતીય ગણિતશાસ્ત્રી હતા. સાથોસાથ કેમ્બ્રિજની ટ્રિનિટિ કોલેજના પણ તેઓ ફેલો બન્યા. જેનાં કારણે તેઓ હાર્ડીની સમકક્ષ થઈ ગયા.
- ૧૯૨૦ માં ક્ષયરોગનાં કારણે તેમનું અવસાન થયું.

*** શાળાકીય પ્રવૃત્તિઓ:**

- શ્રીનિવાસ રામાનુજનનાં જીવનનો પરિચય આપવો.
- ભારતનાં અન્ય ગણિતજ્ઞો વિશે પરિચય મેળવવો.
- ગણિતનાં કોયડાની રમતો રમાડવી.
- વૈદિક ગણિતનો પરિચય આપી કેટલીક સરળ પધ્ધતિઓ શિખવવી.
- રામાનુજનનો ફોટો મેળવી શાળામાં લગાડી શકાય.

* ગુજરાતી વિશ્વકોશ ખંડ – 17, પેજ નં. 642

Scanned by CamScanner

*** 23 ડિસેમ્બર : કિસાન દિન ***

**ઈતિહાસ**

ભારતના પાંચમા વડાપ્રધાન ચૌધરી ચરણસિંહના જન્મદિન નિમિત્તે ભારતીય ગ્રામજીવન અને કિસાન સેવા નિમિત્તે આપણે કિસાનદિન ઉજવીએ છીએ.

**કિસાન એટલે.**

કિસાન એટલે જમીન પર ખેતી કરનાર કામદાર, ખેતી કામદાર અથવા ખેડૂત. કિસાન એટલે ઠરીઠામ થઈને વસેલાં ખેડૂતો. કિસાન અને ખેડૂત વચ્ચે તફાવત છે.

કિસાન ખેતી કરે છે પરંતુ જમીનનો માલિક નથી.

ખેડૂત મુખ્યત્વે જમીનનો માલિક છે અને ખેતમજૂરોની મદદથી આધુનિક ખેતી કરાવે છે.

એક સમયે કિસાનો બાપડા અને ગરીબ ગણાતા તથા વેરવિખેર હતા. જે હવે સંગઠિત બનીને પોતાના પ્રશ્નો વિવિધ સેમિનાર, તજજ્ઞોનું માર્ગદર્શન, પ્રગતિશીલ ફાર્મની મુલાકાત વગેરે મારફતે ઉકેલી રહ્યા છે.

**મહત્વ**

ભારત કૃષિપ્રધાન દેશ છે. રોજી-રોજગાર માટે બહુજન ભારતીય સમાજ ખેતી ઉપર આધાર રાખે છે. જે ખેતી કરે તેને ખેડૂત કિસાન કહેવામાં આવે છે. રાત-દિવસ, ટાઢ-તડકો જોયા વિના કિસાન પોતાના ખેતરમાં અનાજ પકવીને સૌનું ભરણપોષણ કરે છે અને તેથી તેને અન્નદાતા પણ કહેવામાં આવે છે. ઘટતી જતી જમીન, વરસાદની અનિયમિતતા, રોગ-કીટકના આક્રમણો, હીમ, દુકાળ, કરા જેવી કુદરતી આપત્તિઓ સામે આપણો કિસાન ટટ્ટાર છાતીએ પોતાનું જીવન ગુજારી રહ્યો છે ત્યારે આવા સ્વમાની, સ્વાવલંબી, હિંમતવાન કિસાનોને પ્રોત્સાહિત કરવા માટે કિસાનદિન ઉજવવામાં આવે છે.

*** શાળામાં પ્રવૃત્તિઃ**

- ગામના પ્રગતિશીલ ખેડૂત કિસાનને શાળામાં બોલાવી તેની સાથે વાર્તાલાપ ગોઠવી શકાય.
- પ્રગતિશીલ ખેડૂતોની વાડીની મુલાકાતે પર્યટન ગોઠવી શકાય.
- શાળામાં જગ્યાને અનુસાર “કિસાન ગાર્ડન” તૈયાર કરી શકાય.

સંદર્ભઃ-

* samanyagyan.com

* m.mapsofiindian.com

* ગુજરાતી વિશ્વકોશ ખંડ – 4, પે.નં. 652

Scanned by CamScanner

*** 25 ડિસેમ્બર : નાતાલ ***

નાતાલની ઉજવણી ઈશુ ખ્રિસ્તના જન્મદિનના સ્મરણાર્થે ઉજવવામાં આવે છે. ઈશુનો જન્મ માતા મેરીની કૂખે બેથલેહેમમાં થયો હતો. તેમ બાઈબલના આધારે માનવામાં આવે છે.

વિશ્વના મોટાભાગના દેશોમાં નાતાલના તહેવારની ઉજવણી મુખ્ય તહેવાર તરીકે કરવામાં આવે છે. જેના થકી વિવિધ સંસ્કૃતિ અને રાષ્ટ્રીય પરંપરાઓ પ્રતિબિંબિત થાય છે.

નાતાલની આધુનિક ઉજવણીમાં પ્રખ્યાત બનેલા રીતિરિવાજોમાં ભેટ-સોગાદોની આપલે, સંગીત, અભિવાદન પત્રિકાઓની આપ-લે, દેવળોમાં થતી પ્રાર્થના, ખાસ પ્રકારનું ખાણું, વિવિધ સુશોભનોનું પ્રદર્શન કરીને આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત એક એવું સાંતાકલોઝ નામે કાલ્પનિક પાત્ર કે જે નાતાલના દિવસે ભેટ સોગાદો આપે છે. તે લાલરંગનાં કપડાં પહેરે છે અને બાળકોને નાતાલની રાત્રે વિવિધ પ્રકારનાં રમકડાં આપી જાય છે.

વિક્રમના જન્મથી વિક્રમ સંવત અને ઈશુથી ઈ.સં. નામે કાળગણનાનો શુભારંભ થયો. "તમે બાળક જેવા નિર્દોષ અને નિખાલસ ન થાઓ ત્યાં સુધી તમારા માટે સ્વર્ગ દ્વાર ખુલશે નહી" – ઈશુ

*** શાળાકક્ષાએ પ્રવૃત્તિઃ**

- ઈશુ ખ્રિસ્તના જીવન ચરિત્રમાંથી બાળભોગ્ય જીવન પ્રસંગો કહેવા.
- સાંતાકલોઝનું ચિત્ર બનાવડાવી નોટીસબોર્ડ ઉપર લગાવવાં.
- સાંતાકલોઝ આધારિત ટોપી, લાલકુર્તો વગેરે બનાવવાનો પ્રોજેકટ તેમજ મોડેલ સ્વરૂપે બનાવવા.
- ક્રિસમસ ટ્રી બનાવવું તથા શાળામાં ક્રિસમસ ટ્રી વાવવું.



Scanned by CamScanner